જાંબુઘોડાના ઉચેટ ગામે બનેલો બનાવ

તસ્કરોએ મહાદેવના અને જૈન મંદિરમાં દાનપેટીમાં હાથ સાફ કરી ફરાર

(કલ્પેશપંચોલી)જાંબુઘોડા,તા.૧૬

જાંબુઘોડા ના ઉંચેટ ગામે તસ્કરો એ મચાવ્યો તરખાટ,બે મંદિરો માં કર્યા હાથ સાફ. મળતી વિગતો મુજબ જાંબુઘોડા તાલુકા ના ઉંચેટ ગામ ના ઠાકોર ફળીયા માં આવેલ પંચેસ્વર મહાદેવ ના મંદિર માં ગત રાત્રી ના તસ્કરો એ હાથ સાફ કરી.મંદિર ની દાન પેટીમાંથી ૧૦૦૦૦ રોકડા,એક એમ્પ્લીફાયર જેની કિંમત ૩૦૦૦ અને એક સ્પીકર જેની કિંમત ૧૦૦૦ મળી કુલ રૂ.૧૪૦૦૦ ની હાથ સફાઈ કરી ગયા હતા.આજ રોજ સવારે પૂજારી એ આવી ને ચોરી થઈ હોવાની જાણ ગામલોકો અને જાંબુઘોડા પોલીસમાં કરી હતી.જયારે ઉંચેટ ના જ ખોડીયારપુરા ફળીયા માં આવેલ જૈન મંદિરની દાન પેટીમાં પણ તસ્કરો હાથ સાફ કરી ગયા હતા જેમાં ૨૫૦૦૦ ની રકમ હતી.આ અંગે પણ પંચેસ્વર મહાદેવ ના પૂજારી એ ફરિયાદી બની જાંબુઘોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આમ એક જ ગામ ના બે મંદિર માં કુલ રૂ.૩૯૦૦૦ ના મુદ્દામાલની ચોરી થવાથી જાંબુઘોડા તાલુકા માં ચોરો ની દહેશત ફેલાઈ જવા પામી છે.

ગોલ્ડન ચોકડી પાસે આવેલ દરજીપુરા ગામે રહેતા

પતિએ પત્નીને નર્મદા કેનાલમાં ધકકો માર્યો : લાપત્તા મહિલાને શોધવા એનડીઆરએફની ટીમ કામે લાગ

વડોદરા, તા.૧૬

ગોલ્ડન ચોકડી ઓડવાસ નગરીમાં દરજીપુરા પાટીયા પાસે રહેતા ઓડ દંપતિ વચ્ચે ખટરાગ સર્જાતા ગુસ્સે ભરાયેલા પતિએ પત્નીને ફરવા જવાની લાલચ આપી બાઈક પર બેસાડી ખંડીવાવ ગામની નર્મદા કેનાલ પાસે લઈ ગયો હતો. જયા હાથ પગ ધોવાના બહાને પત્નીને કેનાલમાં ઉતારી ઉતારી ઝઘડો કરી પત્ની કેનાલના વહેતા પાણીમાં ધકકો મારી દીધી હતો. જેથી પત્ની પાણીના વહેણમાં તણાઈને ગુમ થઈ હતી.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ગોલ્ડન ચોકડી પાસે આવેલ દરજીપુરા ગામના પાટીયા પાસે રહેતો મોહીનભાઈ કાદરભાઈ ઓડના લગ્ન સમિયાબીબી સાથે થયાહતા. લગ્નબાદ પતિ પત્ની વચ્ચે નજીવી બાબતે બન્ને વચ્ચે અવારનવાર ખટરાગ થતો હતો. જેથી પત્ની પ્રત્યે અણગમાં થતા પતીએ પોતાની પત્નીને પતાવી દેવાના મનમાં મનસુબો ઘટયો હતો. જેથી ગઈકાલે પતી મોહિનભાઈઓએ પત્નીને લલચાવી ફરવા જવાના બહાને એક્ટીવા પર બેસાડી ખંડીવાવ ગામની નર્મદા કેનાલ ખાતે પહોંચ્યો હતો. જાં નર્મદા કેનાલના કિનારે એકટીવા ઉભી રાખી હાથ પગર ધોવાના બહાને તેમની પત્ની સામિયાબીબીને લઈને કેનાલમાં ઉતર્યા હતા. જયાં હાથ પગ દોતી વખતે પતીએ પત્નીને કહયું હતુંકે, તને રસોઈ બનાવતા આવડતી નથી. ઘરનું કામકાજ બરાબર કરતી નથી. તેમજ ઘરનાનું કહેવું માનતી નથી તેવા સવાલો સાતે ઝઘડો શરૂ ર્ક્યો હતો. જે ઝઘડામાં પતી મોહિને પત્નીને નર્મદા કેનાલના વહેતા પાણીમાં ધકકો મારી દીધો હતો.

જેથી પત્ની સામિયાબીબી પાણીના વહેણમાં તણાઈને લાપતા બની હતી. આ ચકચારી બનાવની જાણ દરજીપુરામાં થતા સમગ્ર મામલો વાઘોડીયા પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી લાપત્તા બનેલ મહિલાની લાશની શોધખોળ માટે એનડીઆરઓની ટીમની મદદ લીધી હતી. જોકે હાલ એનડીઆરએફની ટીમ દ્વારા મહિલાની શોધખોળ નર્મદા કેનાલમાં કરવામાં આવી હતી. પોલીસ સુત્રો દ્વારાજાણવા મળ્યું હતું.

જીએસટીથી થયેલા નુકસાન માટે રાજયોને ૮૧ હજાર કરોડનું વળતર

મોદી સરકાર માલામાલ : જીએસટી ભંડોળ ૫.૧૮ લાખ કરોડને પાર

ન્યુ દિલ્હી,તા.૧૬

મોદી સરકારે ગત વર્ષના કાર્યકાળમાં ય્જી સંગ્રહમાં જબરદસ્ત વધારો જાવા મળ્યો છે. ગત વર્ષ ૨૦૧૮-૧૯માં વસ્તુ તેમજ સેવા કરનો સંગ્રહ વધીને ૫.૧૮ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આ ગત વર્ષ ૨૦૧૭-૧૮ના ૨.૯૧ લાખ કરોડ રૂપિયાની સરખામણીમાં ખુબ વધારે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સાંસદમાં આ જાણકારી આપી છે.

લોકસભામાં એક લેખિત સવાલના જવાબમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે ગત વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન રાજયોને જીએસટીથી થયેલા નુકશાન માટે ૮૧,૧૭૭ રૂપિયાનું વળતર આપ્યું છે, જયારે તેના ગત વર્ષમાં રાજયનો ફક્ત ૪૮,૧૭૮ કરોડ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું હતુ.નાણામંત્રીએ કહ્યું કે, ઉચ્ચ અધિકારીવાળી જીએસટી કાઉન્સિલે દેશમાં કર અનુપાલનમાં સુધારા માટે ઘણા પ્રયાસો કર્યા છે. તેમણે કહ્યું કે, પાછલા કેટલાક સમયથી રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જીએસટી સંગ્રહમાં સતત સુધારો થઈ રહ્યો છે.

તેમણે કહ્યું કે, બિઝનેસ પ્રક્રિયાઓને મોટા પ્રમાણમાં ઓટોમેશન, ઈ-વે બિલ પ્રણાલી, અનુપાલનની તપાસ માટે લેવાયેલ લક્ષ્ય મૂલ્ય કાર્યવાહી, રિસ્ક મેનેજમેન્ટના આધાર પર પ્રવર્તન અને ઈલેક્ટ્રોનિક ઈનવાઈસ સિસ્ટિમ જેવા પગલાઓથી જીએસટીના મહેસૂલ સંગ્રહમાં સુધારો થઈ રહ્યો છે.

મહત્વનું છે કે, જીએસટી સંગ્રહમાં આ વર્ષે જૂન મહિનામાં ઘટાડો જોવા મળ્યો છે. જીએસટી બચાવવા માટે નવા વર્ષ ૨૦૧૯-૨૦ની સારી શરૂઆત બાદ જૂનમાં ઝટકો જોવા મળ્યો. જૂન, ૨૦૧૯માં સફળ વસ્તુ તેમજ સેવા કરનો સંગ્રહ ઘટાડીને ૯૯,૯૩૯ કરોડ રૂપિયા રહી ગયા. તે પહેલા અપ્રિલ, ૨૦૧૯માં આ ૧.૧૩ લાખ કરોડ અને મેં, ૨૦૧૯માં ૧.૦૨૮૯ કરોડ રૂપિયા રહ્યાં હતા. જૂનમાં પ્રથમવાર જીએસટી સંગ્રહ એક લાખ કરોડ રૂપિયાનો આંકડો નીચે આવ્યો.

જૂન, ૨૦૧૯માં કુલ ૯૯,૯૩૯ કરોડ રૂપિયાનો મહેસૂલ એકત્રિત કરવામાં આવ્યો, જેમાં સીસીએસટી ૧૮,૩૬૬ કરોડ રૂપિયા, એસજીએસટી ૨૫,૩૪૩ કરોડ રૂપિયા, આઈજીએસટી ૪૭,૭૭૨ કરોડ રૂપિયા અને સેસ ૮,૪૫૭ કરોડ રૂપિયા રહ્યો.

વસ્તુ તેમજ સેવા કરને ૧ જુલાઈ, ૨૦૧૭એ લાગૂ કરવામાં આવ્યો હતો અને ૧૭ સ્થાનીય કરનો તેમાં વિલય કરવામાં આવ્યો. મોદી સરકારની બીજી ઈનિંગમાં જીએસટી કાઉન્સિલની પહેલી બેઠક પાછલા મહીને નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં થઈ હતી.

દિવાલ પર માનવ પગલાના નિશાન મળતા કુતુહલ સર્જાયુ

દાહોદ,તા.૧૬

દાહોદમાં એક ઈમારતની દીવાલ ઉપર માનવ પગલાંના નિશાન જોઈ પ્રથમ દ્રષ્ટિએ કુતૂહલની સાથે ભૂત હોવાનો ભ્રમ પેદા કરે તેવી દીવાલ સામે આવી છે.દાહોદ શહેરના રળિયાતી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા ૪૮૦ જેટલા આવાસો બનાવવામાં આવ્યા છે. જેમાંથી એક મકાનની દીવાલ ઉપર અસંખ્ય માનવ પગલાં અંકિત થયેલા જોવા મળી રહ્યા છે. પ્રથમ દ્રષ્ટીએ ભૂત હોવાનો ભ્રમ પેદા કરી શકે તેવું દ્રશ્ય જોવા મળી રહ્યું છે.જમીનથી લઈને છત સુધી જોવા મળતા માનવ પગલાં જોઈને કોઈપણ અચંબામાં પડી શકે છે. કે આખી દીવાલ ઉપર પગલાંના નિશાન કેવી રીતે ? જ્યારે આ મામલે તપાસ કરતાં માલુમ પડ્યું કે આ તમામ મકાનો સિમેન્ટના બ્લોકથી બનેલા છે.જ્યારે મકાન બનાવવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે દીવાલમાં જે બ્લોક વાપરવામાં આવ્યા છે તે બ્લોકનું જ્યારે ઉત્પાદન થયું ત્યારે તેના ઉપર બાળકોએ રમત રમતા પગલાંની છાપ તેના ઉપર ઉપસી ગઈ અને એ જ બ્લોક નો ઉપયોગ દીવાલ માં કરવામાં આવ્યા હોવાથી દીવાલ ઉપર પગલાં જોવા મળી રહ્યા છે.

સાબરમતી રિવરફ્ન્ટથી સી-પ્લેન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીની જાહેરાત ટુક સમયમાં

(પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૧૬

સાબરમતી રિવરફ્ન્ટથી કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ શેત્રુંજય ડેરા સુધી લોકો વિમાનમાં જઈ શકે તે માટે સી-પ્લેનની કવાયત કેન્દ્ર સરકારે શરૂ કરી છે. ઉડાન યોજના હેઠળ અમદાવાદથી ઉજજૈન સહિત અનેક નાના શહેરોને જોડતી વિમાન સેવા શરૂ કરવા રાજય સરકારે કવાયત હાથ ધરી હતી.

સાબરમતી રિવરફ્ન્ટથી સીધા જ સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાશે. રિવરફ્ન્ટ-સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે સી-પ્લેન સેવા શરૂ કરાશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સુરત, અમદાવાદથી કિશનગઢ, ઉદેપુર, બેલગાવી, જામનગરથી દિલ્હી-હૈદ્રાબાદ બેગલોર ગોવા, હિંડન સુધી આ સેવા સરકાર શરૂ કરશે.

આ ઉપરાંત કેશોદથી મુંબઈ હવાઈ સેવા પણ શરૂ કરાશે. વેજલપુરના ધારાસભ્ય કિશોરભાઈ ચૌહાણ દ્વારા પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં નાગરીક ઉડયન મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું. ઉલ્લેખનીય બાબત એ છે કે, ઉડાણ યોજના હેઠળ સરકારે સી પ્લેન સહિત અનેક એરલાઈન પાસેથી પ્રસ્તાવ મંગાવ્યા છે જેની ચકાસણી બાદ શરૂ થનારી એરલાઈનની જાહેરાત કરવામાં આવશે.

રૂા.૩૭ કરોડના ખર્ચ કેવડીયા, સુરત અને ડાંગ ખાતે નવા સફારી પાર્ક સ્થપાશે : ગણપત વસાવા

(પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૧૬

ગુજરાત ગૌરવ એ એશિયાટિક સિંહ છે સારાશા ગીરમાં, પ્રવાસીઓના ઘસારાનું ભારણ ઘટાડવા રાજયમાં રૂા.૩૭ કરોડના ખર્ચે કેવડીયા સુરત તતા ડાંગ જિલ્લામાં નવા સફારી પાર્ક સ્થાપવામાં આવશે. સિંહોની સારવાર માટે સધતન હોસ્પિટલ સિંહ એમ્બ્યુલન્સ સીસીટીવી નેટવર્ક સિહોના મોટા પાસે રેડિયો કોલરની કામગીરી, ક્ષેત્રીય સ્ટાફ માટષ જીપી.એસ યુકત વાયરલેશ ફોન સર્વેલન્સ અને એક નવા શેશુંજી ડિવીજન્સ રૂા.૧૨૩ કરોડના ખર્ચે ઉભુ કરાશે તેમ આજે વન અને પર્યાવરણ વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા વનમંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું.

તેમણે વધીમાં જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા વિકાસ માટે રૂા.૩૦ કરોડ ખર્ચાશે જેમાં સ્ટેચ્યુઓફ યુનિટીના નજીકના વિસ્તારમાં વેલી ઓફ ફલાવશે. મ્યુઝિમ્યમ, આરોગ્ય એક્તા નર્સરી, વિષ વન, કેકટસ ગાર્ડન, ન્યુટ્રીશીયન ગાર્ડન બનાવવામાં આવશે.

જેમણે વધુમાં જણાવ્યું હતું કે વન વિભાગની રૂા.૧૪૫૪ કરોડનું અંદાજપત્રમાં જોગવાઈ કરાઈ છે. અને ચાલુ વર્ષ આ જોગવાઈમાં રૂા.૧૨.૯૭ કરોડનો વધારો કરાયતે રાજયમાં વૃક્ષો અને વન્ય જીવ સમૃધ્ધિમાં ઉત્તરોત્તર વધારો થયો છે. વૃક્ષ સંપદામાં ગુજરાત દેશમાં ત્રીજા સ્થાને છે. વર્ષ ૨૦૦૫થી સરખામણીએ રાજયના વન વિસ્તારમાં ૩૭૧ ચો.કી.મી.નો વધારો અને વન વિસ્તાર બહારના વૃક્ષોમાં પણ ૧૩.૯૭ ટકાનો વધારો થયો છે.

કારગીલ શહિદોની યાદમાં દિલ્હીથી દ્રાસ સુધી નિકળશે વિજય મશાલ

નવીદિલ્હી,તા.૧૬

૧૯૯૯ ના કારગીલ યુદ્ધ વિશે વિચારતાં ભારતીયો હજી પણ ગૌરવ અનુભવે છે. તે એક એવુ યુદ્ધ હતું, જેમાં પાકિસ્તાન ખરાબ રીતે હાર્યુ હતું. ૨૬ જુલાઈ કારગિલ યુદ્ધના ૨૦ વર્ષ પૂર્ણ થશે. આ પ્રસંગે, ભારતીય સેના કારગીલ યુદ્ધના શહીદોની યાદમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરી રહી છે. કારગિલ યોદ્ધાઓની યાદમાં દિલ્હીના યુદ્ધ સ્મારકથી વિજય મશાલ કાઢવામાં આવશે.આ વિજય મશાલને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા જવાનોની યાદમાં મશાલ પ્રજ્વલીત કરવામાં આવી હતી, જેમણે દેશની સુરક્ષા દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. આ પ્રસંગે આર્મી ચીફ બિપિન રાવત પણ હાજર રહ્યાં હતા.

કારગિલ વીરોની યાદમાં ભારતના યુદ્ધ સ્મારકથી આ મશાલ દ્રાસના તે સ્મારક સુધી જશે, જ્યાં વીરોની ગૌરવગાથા લખવામાં આવી છે. કારગીલ યુદ્ધમાં ભાગ લેનારા સૈનિકો ઉપરાંત, એનસીસી કેડેટ્સ અને વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમમાં ભાગ લેશે.મશાલ ડિઝાઈન ખૂબ જ અલગ છે. તેનો ટોચનો ભાગ કોપરનો છે અને મધ્ય ભાગ કાંસ્યનો છે, નીચે ભાગ લાકડાનો છે. અમર જ્વાળાઓનું બલિદાન દર્શાવતુ પ્રતીક મધ્યમાં છે.

કારગીલ વિજય હજુ ૧૨ દિવસ બાકી છે. આ મશાલ ૧૧ શહેરો માથી પસાર થઈને દ્રાસ પહોંચશે. મશાલને ટાઈગર હિલ, તૂલિંગ પોઈન્ટ અને ૪૮૭૫ પોઈન્ટ પર લઈ જવામાં આવશે.

ચાંદીપુરા વાઈરસથી બાળકીનું મોત થતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી

વડોદરા,તા.૧૬

વડોદરાના ભાયલી ગામમાં રહેતા પાંચ વર્ષની બાળકીને ૨૮ જૂનના રોજ તાવ આવ્યો હતો. તેની સારવાર ગોત્રીની સરકારી હોસ્પિટલમાં ચાલતી હતી. ત્યારે બે દિવસ બાદ ૩૦ જૂનના રોજ બાળકીનું મોત નિપજ્યું હતું. તેના બાદ બાળકીના સેમ્પલને પૂણેની વાયરોલોજિકલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. ત્યારે બાળકીના મોતનો રિપોર્ટ આવતા વડોદરાના આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચ્યો હતો.

ચાંદીપુરા એ સેન્ડફલાય નામની માખથી થતો વાઈરસ રોગ છે. વડોદરાની બાળકીનો તાવ શંકાસ્પદ હોવાથી તેનો રિપોર્ટ પૂણેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, વડોદરા જિલ્લામાં સતત બીજા વર્ષે ચાંદીપુરા વાઈરલે બાળકનો ભોગ લીધો છે. ગત વર્ષે બે બાળકોના મોત નિપજ્યા હતા. જ્યારે ૮ દર્દીઓ શંકાસ્પદ નોંધાયા હતા. જ્યારે આ વર્ષે પહેલી બાળકીનો ભોગ લેવાયો છે.

આ વાઈરસ સેન્ડફ્લાય નામના માખીથી ફેલાય છે. તેનાથી આ રોગ ફેલાય છે. ખેતર, ગાય, ભેંસ, ઘોડાના તબેલા જેવા સ્થળોથી વાઈરસ પેદા થાય છે. આ બાળક મોટાભાગે બાળકોને ઝપેટમાં લે છે. તેનાથી પહેલા તો બાળકોને ઝાડા-ઉલ્ટીથી ખેંચ આવે છે અને બાળકો બેહોશ થઈ જાય છે. આ વાઈરસ લાગ્યા બાદ બાળકના મગજ પર સોજો આવે છે. ત્યાર બાદ તે ઝડપથી શરીરમાં ફેલાઈ જાય છે.

છોટાઉદેપુર જિલ્લાના ગોલાગામડી ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) બહાદરપુર, તા.૧૬

મંગલભારતી ટ્રસ્ટ સંચાલીત બબલભાઈ મહેતા આશ્રમશાળા, મુ.ગોલાગામડી, તા.સંખેડા, જિ.છોટાઉદેપુર ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે નાના બાળકો, ગુરૂજનોના હસ્તે વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો ખુબજ અગત્યનો ભાગ ભજવે છે. નાના બાળકો વૃક્ષોનું મહત્વ સમજે, તેની જાળવણી-વૃક્ષ ઉછેર કરતા શીખે તે આજના સમયની તાતી જરૂરિયાત છે. પર્યાવરણના બગાડને કારણે ઓછો વરસાદ, વધુ ગરમી અને ઓછી ઠંડીની સમસ્યા ઉભી થઈ છે. ઓછા વરસાદથી ખેતી સદંતર નિષ્ફળ જાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. ખેતી ગામડાને અને ભારતીય અર્થતંત્રને જીવાડે છે. ખેતી નિષ્ફળ તો ભારતીય અર્થતંત્ર નિષ્ફળ માટે વધુ વૃક્ષો વાવો, ઉછેરો તો જ પર્યાવરણ સચવાશે. તો વી સરસ મજાની વાત આચાર્ય તથા ગુરૂજનોએ બાળક સમક્ષ મુકી હતી. અને બાળકોએ આ વાતને વધાવી લઈને કુલ ૧૦૧ વૃક્ષો કાસીદ, સપ્તપર્ણી ગુલ માહર, પેલ્ટ્રાના આશ્રમશાળાની જમીનને અનુકૂળ વૃક્ષો ઉંડા ખાડા કરી, છાણીયું ખાતર નાખી વાવવામાં આવ્યા હતા. આમ, બાળકોએ ગુરૂ પૂર્ણિમાં નિમિત્તે ગુરૂજનોને વૃક્ષોના રૂપમાં ઉત્તમ ભેટ આપી. ગુરૂજનોના આશિર્વાદ મેળવ્યા હતા.

NOTICE

Notice Is Hereby Given That Share Certificate No(s) :

Sr. No.	Folio No	Certificate No.	Distinctive No.	No. of Shares
1	00010688	29579	3241146 - 245	100
2	00010688	29581	3241346 – 445	100
3	00010688	29582	3241446 - 495	50

Shares of Jindal Hotels Limited Regd Office : Grand Mercure Vadodara Surya Palace, Sayajiganj, Vadodara-390020 held by me are lost and not traceable. I / We have applied for issue of duplicate Share Certificate(s) to the above Company if any one has any objection for issue of duplicate Share Certificate they should inform the Company within 15 days from the publication of this Notice, failing the Company will take such further action as deemed appropriate in the matter.

Place: Mumbai
Date: 17.07.2019

Paresh Rasiklal Shah
Joint Holder Avni Paresh Shah

INEOS STYROLUTION
Driving Success. Together.

ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ

CIN: L25200GJ1973PLC002436

રજી. ઓફિસ : ૫ મો માળ, ઓહમ હાઉસ-૨, ઓહમ બિઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા ૩૯૦ ૦૨૩.
ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૦૨ ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૩
E mail : INSTY.secshare@ineos.com Website : www.ineosstyrolutionindia.com

૪૬મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ તથા ઇ-વોટીંગની માહિતી અને બુક ક્લોઝર

આથી સુચના આપવામાં આવે છે કે કંપનીની ૪૬ મી વાર્ષિક સાધારણ સભા ગુરૂવાર, ઑગસ્ટ ૮, ૨૦૧૯ ના રોજ સવારના ૧૧.૦૦ વાગે ક્રીસ્ટલ, બીજો માળ, ગ્રાંડ મરકયુરી, વડોદરા સુર્યા પૅલેસ, સયાજીગંજ, વડોદરા ખાતે ૩૯૦૦૨૦ ગુજરાત ખાતે મળશે. જેમાં વાર્ષિક સાધારણ સભા માટેના એજન્ડામાં જણાવેલી બાબતો અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નિયામકોએ ૨૦% ડિવિડન્ડ એટલે કે કંપનીના રૂ. ૧૦ ના પ્રત્યેક શેર પર રૂ. ૨/- ની ચુકવણી કરવાની ભલામણ કરી છે જે માટે બેઠકમાં કંપનીના સદસ્યોની બહાલી મેળવાશે. જો નિયામક મંડળની ભલામણ પ્રમાણે આગામી બેઠકમાં ઈકવીટી શેર્સ પર ડિવિડન્ડ ચૂકવવાની બાબતને બહાલી આપવામાં આવે તો તેની ચૂકવણી શુક્રવાર, ઓગસ્ટ-૦૯, ૨૦૧૯ પછી નીચે જણાવ્યા પ્રમાણે કરવામાં આવશે.

i. આ હેતુસર ડિપોઝીટરી દ્વારા ગુરૂવાર, તા.૦૧ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ કામકાજ પૂર્ણ થવાના સમયે ડિમેટ્રીલાઈઝ્ડ ફોર્મમાં રહેલા શેર્સના બેનીફિશ્યલ ઓનર્સની જે વિગતો રજુ કરવામાં આવે એ તમામ.

ii. ગુરૂવાર, તા.૧ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ કામકાજ પૂર્ણ થવાના સમયે વેલીડ ટ્રાન્ઝેકશન અથવા કંપનીને મળેલી ટ્રાન્સમીશન અથવા ટ્રાન્સપોઝીશન રીકવેસ્ટની અસર આપ્યા પછી ભૌતિક સ્વરૂપમાં શેર ધારણ કરતા તમામ સદસ્યોને.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ-૯૧ ની જોગવાઈઓને અનુસરીને અને સિકયુરીટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાર્યમેંટસ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૨ નું પાલન કરતા કંપનીનું ર'સ્ટર ઓફ મેમ્બર્સ એન્ડ શેર ટ્રાન્સફર બુકસ તા.૨ ઓગસ્ટ, ૨૦૧૯ થી તા. ૮ ઓગસ્ટ, ૨૦૧૯ સુધી (બંને દિવસો સહિત) ડિવિડન્ડની ચૂકવણી (જો કોઈ કરવાની હોય તો) અને કંપનીની વાર્ષિક સાધારણ સભાને અનુલક્ષીને બંધ રાખવામાં આવશે. આ ઈન્ટીમેશન નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટસ (www.nseindia.com) અને બીએસઈ લિમિટેડ (www.bseindia.com) પર તેમજ કંપનીની વેબસાઈટ (www.ineosstyrolutionindia.com) પર ઉપલબ્ધ રહેશે.

એવા તમામ મેમ્બર્સ કે જેમના ઈમેઈલ આઈડીઝ કંપની પાસે, ડિપોઝીટરી પાર્ટીસીપેન્ટ પાસે નોંધાયેલા છે તેમને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ અને ૪૬મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સૂચનાની ઈલેકટ્રોનીક કોપીઝ પાઠવી દેવામાં આવી છે. તે કંપનીની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. અન્ય તમામ સદસ્યોને વાર્ષિક અહેવાલ તેમના નોંધાયેલા સરનામે સુચારૂ રીતે મોકલી આપવામાં આવ્યો છે. તા.૧૨ મી જુલાઈ, ૨૦૧૯ ના રોજ વાર્ષિક અહેવાલ મોકલવાની કામગીરી પૂરી કરવામાં આવી છે.

કટ ઓફ ડેટ તા.૧ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ જે સદસ્યો ભૌતિક સ્વરૂપમાં અથવા ડિમેટ્રીયલાઈઝ્ડ ફોર્મમાં કંપનીના શેર ધરાવે છે, તેઓ એજીએમ એજન્ડાની નોટીસમાં જણાવેલી બાબતો અંગે, એજીએમના સ્થળ સિવાયના અન્ય કોઈપણ સ્થળેથી તેમનો મત, લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (LIIPL)ની ઈલેકટ્રોનીક વોટીંગ સિસ્ટમના માધ્યમથી આપી શકશે. આથી તમામ સદસ્યોને જણાવવામાં આવે છે કે :

i. એજીએમની સૂચનામાં જણાવેલી બાબતો અંગે તેમનો મત ઈલેકટ્રોનીક પદ્ધતિથી આપી શકાશે.

ii. ઈ-વોટીંગનો પ્રારંભ ઓગસ્ટ ૫, ૨૦૧૯ ના રોજ (સવારે ૯:૦૦ કલાકે આઈએસટી) થશે.

iii. ઓગસ્ટ ૭, ૨૦૧૯ ના રોજ (સાંજના ૫:૦૦ વાગે આઈએસટી) ઈ-વોટીંગ પૂરું થશે અને તે પછી ઈ-વોટીંગ મોડયુલ લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (LIIPL) દ્વારા ડિસેબલ્ડ કરી દેવાશે અને એ સમય પછી ઈ-વોટીંગ નહી કરી શકાય.

iv. એવી કોઈપણ વ્યકિત જે વાર્ષિક અહેવાલની રવાનગી બાદ કંપનીનો મેમ્બર બને છે અને કટ ઓફ ડેટના રોજ કંપનીના શેર ધારણ કરે છે, તેઓ vadodara@linkintime.co.in ને વિનંતી મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકશે.

v. એવા મેમ્બર્સ કે જેમણે ઈ-વોટીંગ સુવિધાથી મતદાન કર્યુ હોય તેઓ એજીએમમાં હાજરી આપી શકશે પરંતુ એજીએમમાં ફરીથી મતદાન નહી કરી શકે. જે મેમ્બર્સ એજીએમમાં હાજરી આપી રહયા હશે, તે પૈકી જેમણે ઈ-વોટીંગના માધ્યમથી મતદાન નહી કર્યુ હોય, માત્ર તેમને જ મત પત્રક આપવામાં આવશે.

આ બાબતમાં કોઈપણ પ્રશ્ન માટે, સદસ્યો https://instavote.linkintime.co.in પર ઉપલબ્ધ ફ્રીકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ("FAQs") અને instavote e-voting મેન્યુઅલ જોઈ શકે છે અથવા enotices@linkintime.co.in ને ઈમેઈલ મોકલી શકે છે અથવા ૦૨૨-૪૯૧૮૬૦૦૦ ને કોલ કરી શકે છે.

બોર્ડના આદેશથી
ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ
સહી/-
અભિજાત સિન્હા
હેડ - લીગલ એન્ડ કંપની સેકેટરી

તારીખ : ૧૭મી જુલાઈ, ૨૦૧૯
સ્થળ : વડોદરા

બાન્કો એલ્યુમિનિયમ લિમિટેડ

સીન : U27310GJ1967PLC001483

રજી. ઓફિસ :- બીલ, ભાયલી રેલ્વે સ્ટેશન પાસે, પાદરા રોડ, વડોદરા - ૩૯૧૪૧૦.
ફોન નં. (૦૨૬૫) ૨૪૭૭૨૦૦, ફેક્સ નં.(૦૨૬૫) ૨૪૭૭૪૬૨
ઈમેઈલ : company.secretary@bancoaluminium.com, વેબસાઈટ : www.bancoaluminium.com

સૂચના

(કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ-૨૦૧ અનુસાર)

આથી નોટીસ આપવામાં આવે છે કે કેન્દ્ર સરકાર (મિનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ, ન્યુ દિલ્હી) ને અરજી કરવામાં આવી રહી છે જેના દ્વારા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ-૧૯૬ સાથે સૂચિ-૫ અને બીજી લાગુ પડતી જોગવાઈઓ અંતર્ગત, શ્રી કુશ પટેલની કંપનીના મેનેજીંગ ડાયરેકટર તરીકેની પાંચ વર્ષના સમયગાળા માટે તા.૦૧.૦૬.૨૦૧૯ ના રોજ લાગુ પડે તે રીતે, નિમણુંક કરવા માટે મંજુરી માંગવામાં આવી રહી છે.

બોર્ડ ઓફ ડાયરેકટર્સના હુકમથી
બાન્કો એલ્યુમિનિયમ લિમિટેડ
મનિષા ફડકે
કંપની સચિવ

સ્થળ : બીલ, વડોદરા
તારીખ : ૧૭.૦૭.૨૦૧૯

પત્રક નં. યુ. આર. સી.-૨

પ્રકરણ ૨૧ ના ભાગ-૧ હેઠળ નોંધણી વિશે જાહેર ખબર

(કંપનીઝ (નોંધણી અધિકૃત) નિયમ, ૨૦૧૪ અન્વયે કંપનીઝ એક, ૨૦૧૩ના કલમ ૩૭૪(બી) અને નિયમ ૪(૧) પ્રમાણે)

૧. આથી સૂચના આપવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ ૨૦૧૩, કલમ ૩૬૬ (૨) ના અન્વયે મેસર્સ "સાન્વી ઈન્ફ્રાસ્ટ્રકચર કોલાબોરેશન", ઓફિસ-૫૦/એ/૨, કુંજ સોસાયટી, મિલનકુંજ કલ્બ પાછળ, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭. ભાગીદારી પેઢીને કંપનીઝ એક્ટ ૨૦૧૩ ના પ્રકરણ ૨૧ પ્રમાણે પ્રાઈવેટ કંપની લીમીટેડ બાય શેર્સમાં રૂપાંતરીત કરવા માટે ધ રજીસ્ટ્રાર ઑફ કંપનીઝ (આર.ઓ.સી.) અમદાવાદ, ગુજરાર સ્ટેટને અરજી કરવામાં આવી રહી છે.

૨. કંપનીનો મુખ્ય ધંધો નીચે પ્રમાણે છે : ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, સરકારી અથવા ખાનગી સીવીલ વર્ક, કોન્ટ્રાકટ, સીવીલ બાંધકામ, સીવીલ સુપરવાઈઝર, એસ્ટેટ એજન્ટ, બિલ્ડર્સ અને તમામ કામોનો ધંધો કરવો.

૩. સૂચિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ ઑફ એસોસિએશન અને આર્ટીકલ્સ ઑફ એસોસિએશન કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ૫૦/એ/૨, કુંજ સોસાયટી, મિલનકુંજ કલબ પાછળ, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭ ના સ્થળે તપાસી તથા જોઈ શકાશે.

૪. કોઈપણ વ્યક્તિ/સંસ્થા વિગેરેને સદર અરજી વાંધો હોય તો તે વાંધા, કારણ સહિત લખાણમાં ધ રજીસ્ટ્રાર ઑફ કંપનીઝ, મીનીસ્ટ્રી ઑફ કોર્પોરેટ એફેર્સ, આર. ઓ. સી. ભવન, રૂપલ પાર્કની સામે, અંકુર બસ સ્ટેન્ડની પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ની ઓફિસે તથા કંપનીની ઓફિસમાં જાહેરાત થયાના ૨૧ દિવસની અંદર નોંધાવી લેવો.

મેસર્સ **સાન્વી ઈન્ફ્રાસ્ટ્રકચર કોલાબોરેશન** વતી
ભાગીદાર શ્રી કરણ હરીશભાઈ અમીન
ભાગીદાર શ્રી અનુજ કટાકીયા

સ્થળ : વડોદરા
તારીખ : ૧૬.૦૭.૨૦૧૯